ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૯૨/૨૩-૨૪/ 446 તારીખ : 16 MAY 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ચાવડા વિક્રમભાઈ ભુરાભાઈ,**
રાજુબેન ભુરાભાઈ ચાવડા વતી,
શેવડીવદર રોડ, ગામ-મોરચુપણા,
તા. જેસર - ૩૬૪ ૫૧૦.
મો.નં- ૯૫૫૮૮ ૧૬૭૩૩.

કેસ નં.૯૨/૨૩-૨૪

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનનું રીડીંગ જોઈ બીલ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો ઈ-મેઈલ તા.૨૯/૦૧/૨૦૨૪. અત્રેની કચેરીને મળ્યા તા.૨૯/૦૧/૨૦૨૪ તથા ૨૯/૦૨/૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૨/૨૩-૨૪/૨૩૬ તા.૧૪/૦૩/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૨/૨૩-૨૪/૩૫૬ તા.૧૯/૦૪/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૫/૦૪/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **જેસર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૯૨/૨૩–૨૪</u> ☜

**વાદી** :– **શ્રી ચાવડા વિક્રમભાઈ ભુરાભાઈ,**
રાજુબેન ભુરાભાઈ ચાવડા વતી

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૫/૦૪/૨૦૨૪</u>** ◈

હાજર રહયા :– **શ્રી ચાવડા વિક્રમભાઈ ભુરાભાઈ (વાદીશ્રી વતી તેમના પ્રતિનીધી)**

પ્રતિવાદી :– (૧) **શ્રી એચ. પી. દુધાગ્રા,** કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(૨) **શ્રી એ. આઈ. નાથાણી,** નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, જેસર.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી રજુબેન ભુરાભાઈ ચાવડા, મુ.મોરચુપણા, તા.જેસરની ખેતીવાડી વીજ કનેકશનનું રીડીગ જોઈ બીલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૨/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૯૨/૨૩–૨૪/૨૩૬ તા.૧૪/૦૩/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. **<u>૨૫/૦૪/૨૦૨૪</u>** ના રોજ મહુવા મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી વતીશ્રી વિક્રમભાઈ ભુરાભાઈ ચાવડાહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે (૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા (૨) શ્રી એ. આઈ. નાથાણી, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, જેસર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ભાવનગર જીલ્લાના જેસર તાલુકાના મોરચુપણા ગામમાં શેરડીવદર રોડ પર ખેતીવાડી કનેકશન આવેલ છે. જે ૧૦ હો.પા.નું કનેકશન છે અને હાલ શરૂ છે. અમારી ખેતીવડીમાં મીટર રીડર બીલ આપવા આવતા નથી.

૧.૨ કચેરીમાં અવારનવાર જાણ કરેલ છે છતાં બીલ આપવા આવતા નથી. જયારે બીલ આપે ત્યારે એકસાથે મોટી રકમનું બીલ આપે છે પછી જણાવે કે હપ્તે હપ્તે નાણા ભરી આપો.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ હાલ વીજ કનેકશન ચાલુ છે તે રાજુબેન ભુરાભાઈ ચાવડા ના નામે ચાલે છે એક સાથે મોટી રકમ કેવી રીતે ભરવી.

૧.૪ હાલમાં જુના તમામ કર્મચારીઓની બદલી થયેલ છે અને તેની જગ્યાએ નવા કર્મચારીઓ આવેલ છે તે જુના કર્મચારીઓ એ આવા કૌભાંડ અને ગોટાળા કરેલ હોવાથી અમારી ફરીયાદ સાંભળતા નથી. તો અમારે અમારી ફરીયાદ કોને કરવી. ગ્રાહકની ફરીયાદ કોઈ સાંભળતું નથી હેરાન કરે એ વ્યાજબી વાત નથી.

૧.૫ તો આપ સાહેબ મારી ફરીયાદનો અભ્યાસ કરી, મીટરના રીડીગ તપાસ કરાવી વીજબીલ આપવા તથા બેદરકાર કર્મચારી ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લેવા અને બીલમાં વગર વ્યાજે હપ્તાથી નાણા સ્વીકારવા હુકમ કરવા વિનંતી છે, કચેરીની બેદરકારી હોવાથી વિના કારણે વીજ કનેકશન કાપવું નહી. સ્થાનીક કચેરીમાં મારી જેવા અનેક હેરાન થાય છે, નાછુટકે ફરીયાદ કરવાની ફરજ પડેલ છે.

૧.૫ વાદીશ્રી દવારા રૂબરૂ રજુઆતમાં જણાવેલ છે કે, તેઓને આપવામાં આવેલ પેન્ડીગ યુનિટનું બીલ રદ કરવા વિનંતી કરેલ છે.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારનું નામ- ચાવડા વિક્રમભાઈ ભુરાભાઈ. ગ્રાહકનું નામ- શ્રી રાજુબેન ભુરાભાઈ ચાવડા. ગ્રાહક નં.૩૭૭૩૫/૦૧૫૮૭/૯. કેટેગરી-A2 10 HP, રીલીઝ તા.૨૦/૧૨/૨૦૧૪, પીડીસી તા.૨૨/૦૨/૨૦૨૦.

૨.૨ વાદીશ્રી વિક્રમભાઈ ભુરાભાઈ ચાવડા, ગામ-મોરચુપણા, શેવડીવદર રોડ, તા.જેસર, જી.ભાવનગર તેઓની ખેતીવાડી આવેલ છે. તેઓની ખેતીવાડીમાં ૧૦ એચ.પી.નું શ્રી રાજુબેન ભુરાભાઈ ચાવડા નામનું વીજ કનેકશન ચાલતું હતું.

૨.૩ ગ્રાહકશ્રી રાજુબેન ભુરાભાઈ ચાવડાના ખેતીવાડી વીજજોડાણના માહે માર્ચ-૨૦ માં રૂ.૧૧૨૮૫/- બાકી લેણા હોવાથી તેઓનું વીજ કનેકશન સી.આર. નં.૧૭૧૩ તા.૨૨/૦૨/૨૦ ના રોજ ડીસ કનેકશન કરીને ઉતારી લેવામાં આવેલ હતું.

૨.૪ વાદી દવારા સદર બાકી નાણા રૂ.૧૧૨૮૫/- તા.૨૬/૦૨/૨૦ પહોંચ નં.૩૮૮૪૬૯/SG૭૩૭૪૬૭ થી તથા રીકનેશન ચાર્જના રૂ.૨૩૬ SG૭૩૭૪૬૮ ની રકમ સાથે પહોંચ નં.SG૭૩૭૪૭૧ તા.૨૬/૦૨/૨૦ થી ભરી આપેલ અને સદર કનેકશન રી-કનેકશન કરેલ.

૨.૫ અરજદારનું વીજ કનેકશન તા.૨૨/૦૨/૨૦ ના રજ ઉતારી લીધા પછી સદર કનેકશન રદ કરતા પહેલા ૬ મહીનાની નોટીસ આપવાની હોય છે જે નોટીસ સબ ડીવીઝનના સીની. આસી. બીલીગ દવારા આપવામાં આવેલ નથી અને મે ૨૨ માં સદર કનેકશન રદ (X) કરવામાં આવેલ હતું. જે બાબતે પેટા વિભાગીય કચેરી દવારા સદર સી.આસી.(બીલીગ) ને પત્ર નં.એમએચવીડી/ખાનગી/૧૮ તા.૧૯/૦૪/૨૪ ના રોજ ખુલાસો પુછવામાં આવેલ છે.

૨.૬ વાદીશ્રીનું વીજ કનેકશન રદ થયેલ હોવાથી વાદીને કંપનીના નિયમાનુસાર PDC TO RC ની અરજી કરવાની રહેશે અને અરજી થયેલથી PDC TO RC ની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી વિક્રમભાઈ ભુરાભાઈ ચાવડા, ગામ–મોરચુપણા, તા.જેસર દવારા તેમના ખેતીવાડી વીજ કનેકશન નં.૩૭૭૩૫/૧૫૮૭/૯ માં પ્રતિવાદી પીજીવીસીએલ ની જેસર પેટા વિભાગીય કચેરી દવારા બીલ આપવામાં આવતું ન હોવાથી રજુઆત ફોરમને કરેલ છે.

૩.૨ અરજદારની અરજીની અંગેની રૂબરૂ સુનાવણી આજરોજ તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ રાખવામાં આવેલ, જેમાં વાદી અને પ્રતિવાદી હાજર રહી રજુઆતો કરેલ છે.

૩.૩ કેસની વિગતો મુજબ સદરહુ વીજ કનેકશન રાજુબેન ભુરાભાઈ ચાવડાના નામે ચાલે છે, જે અંગેની રજુઆત શ્રી વિક્રમભાઈ બી. ચાવડા દવારા કરવામાં આવેલ છે. વાદીને બીલ ન મળતું હોવા અંગે પ્રતિવાદી એ જણાવેલ કે વાદી દવારા માર્ચ–૨૦ માં વાદીની વીજબીલની બાકી રકમ રૂ.૧૧૨૮૫/– ભરપાઈ ન થતાં, તા.૨૨/૦૨/૨૦ ના રોજ ડીસકનેકશન કરી, ઉતારી લેવામાં આવેલ હતું. પાછળથી તે રકમ વાદી દવારા તા.૨૬/૦૨/૨૦ ના રોજ ભરપાઈ થતાં, રી–કનેકશન કરવામાં આવેલ.

૩.૪ આજરોજ ફોરમ સમક્ષ રજુ થયેલ રેકર્ડ અને રજુઆતો ને ધ્યાને લેતા, ફોરમને જણાય છે કે, પ્રતિવાદીની કચેરી દવારા વાદીનું કનેકશન તા.૨૨/૦૨/૨૦ ના રોજ પી.ડી.સી. કરતાં પહેલા નિયમાનુસાર ૩૪૫ નોટીસ આપવાની કાર્યવાહી કરવામાં આવેલ ન હતી અને તે માટે પ્રતિવાદી દવારા સબંધિત બેદરકારીનો ખુલાસો પુછવામાં આવેલ છે.

આ સાથે આજરોજની રૂબરૂ સુનાવણીમાં વાદી દવારા જણાવવામાં આવેલ છે કે હાલ સ્થળ પર મીટર તથા અન્ય માલ સામાન હયાત છે અને પાવર ચાલુ હોઈ, વીજવપરાશ પણ કરવામાં આવે છે પરંતુ બીલ મળતુ નથી કારણકે પ્રતિવાદીએ તેમની બીલીંગમાં કનેકશન 'X' કરેલ છે , જયારે કે કનેકશન હયાત છે.

૩.૫ ઉપરોકત તારણોને ધ્યાને લેતાં જણાય છે કે પ્રતિવાદીના ખેતીવાડી વીજ જોડાણને કાયમી ધોરણે રદ ગણવાની આખી પ્રકિયા બિલકુલ નિયમાનુસાર નથી જેના કારણે ગ્રાહકને બિન જરૂરી હેરાનગતિ ભોગવવી પડી છે. આ બાબતે સંબધિત કર્મચારી સામેં શિસ્તભંગની કાર્યવાહી કરવી. ગંભીર બેદરકારી સબબ પેટા વિભાગીય કચેરીના બિલીંગ વિભાગના અધિકારી પાસેથી રૂ.૫૦૦/- દંડ ની રકમ ભરપાઈ લેવાની રહેશે. હાલ સ્થળ પર વીજ પુરવઠો ચાલુ છે પણ બિલીંગ બંધ હોઈ આ વીજ જોડાણ ના પી.ડી.સી. રી-ઓપન માટે તાત્કાલિક સક્ષમ, અધિકારીને દરખાસ્ત મોકલી આપવી અને કાર્યપાલક ઈજનેર મહુવા દ્વારા આ કેસની મંજુરી અંગે તાત્કલિક પગલા લેવા. વાદી નું બીલીગ જ્યારથી બંધ છે ત્યારથી ચાલુ ગણવું અને જેટલા યુનિટ ચઢી ગયા છે તેની રકમ પણ વસુલ લેવી અને તે મુજબ નિયમિત બિલીંગ કરવાનું રહેશે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(..............)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— **૨૫/૦૪/૨૦૨૪.**

Grievance Redressal Forum
PGVCL
Bhavnagar